પાછળ બેસેલા યુવાન સહિત અન્યને ઈજા: દ્વારકા નજીક મહિલાને અકસ્માત:

મોરકંડા પાટીયા પાસે બાઈકચાલક અન્ય બાઈક સાથે ટકરાયા પછી મોટર સાથે અથડાયો: મૃત્યુ

જામનગર તા.૨૭ : જામનગરના ઠેબા બાયપાસથી લાલપુર બાયપાસ વચ્ચે મોરકંડા ગામના પાટીયા પાસે ગઈકાલે બપોરે એક વેપારી યુવાન તથા તેનો મિત્ર પસાર થતા હતા ત્યારે નેપાળી યુવાને કોઈ કારણથી બાઈક પરનો કાબુ ગુમાવતા આગળ જતા બાઈકના ઠાઠામાં તેઓ ટકરાયા હતા. તે પછી ડિવાઈડર ઠેકી જઈ નેપાળી યુવાન સામેથી આવતી મોટર સાથે ટકરાઈ પડયો હતો. આ અકસ્માતમાં તેનું મૃત્યુ નિપજ્યું છે. અન્ય બેને ઈજા થઈ છે. પોલીસે મૃતક સામે ગુન્હો નોંધ્યો છે. દ્વારકા, પોરબંદર રોડ પર એક મહિલા એક્ટિવા પર જતા હતા ત્યારે તેમના હાથ પરથી ડમ્પર ફરી વળ્યું હતું, આ મહિલાનો હાથ કાપવો પડયો છે.

જામનગર-કાલાવડ માર્ગ પર આવેલી ઠેબા ચોકડી નજીક આવેલી અક્ષરધામ સોસાયટી માં રહેતા મૂળ નેપાળના પીપળી ગામના વતની દીપક કરણભાઈ વિશ્વકર્મા (ઉ.વ.૨૦) તથા તેના પુત્ર ગૌતમ ગઈકાલે બપોરે ત્રણેક વાગ્યે લાલપુર બાયપાસથી ઠેબા બાયપાસ વચ્ચે જીજે-૧૦-ઈડી ૪૭૪૧ નંબરના બાઈકમાં જતા હતા.

આ યુવાનો જ્યારે મોરકંડા ગામના પાટીયા પાસે પહોંચ્યા ત્યારે આગળ જીજે-૧૦-ડીએમ ૧૫૩૪ નંબરના બાઈક પર જતા ચેલા ગામના જીતેશ પાંચાભાઈ કણઝારીયાની પાછળ દીપક વિશ્વકર્માએ કાબૂ ગુમાવી પોતાનું બાઈક અથડાવ્યું હતું. તેથી જીતેશ ભાઈ રોડ પર પડી ગયા હતા અને દીપકની પાછળ બેસેલો ગૌતમ પણ પડી ગયો હતો.

ત્યારપછી બાઈક સાથે ડિવાઈડર ઠેકી ગયેલા દીપક સાથે સામેથી આવી રહેલી જીજે-૧૦-સીએન ૬૩૭૧ નંબરની મોટર ટકરાઈ પડી હતી. આ અકસ્માતમાં ગંભીર ઈજા પામેલા દીપક કરણભાઈ વિશ્વકર્માનું મૃત્યુ નિપજ્યું છે. જ્યારે ગૌતમ તથા જીતેશભાઈને ઈજા થઈ છે.

અકસ્માતની જાણ થતાં ૧૦૮ તથા પોલીસ કાફલો દોડી આવ્યા હતા. જીતેશભાઈ કણઝારીયાએ દીપક કરણભાઈ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

દ્વારકા શહેરના નરસંગ ટેકરી ખારા તળાવ રોડ પર રહેતા કિન્નાબેન મનોજભાઈ ઘોઘલીયા નામના ખારવા મહિલા ગઈ તા.૧૦ની બપોરે દ્વારકા-પોરબંદર રોડ પર મંદિર પાસેથી જીજે-૩૭-એચ ૪૯૯૧ નંબરના એક્ટિવામાં જતા હતા.

આ વેળાએ જીજે-૨૫-યુ ૫૦૭૭ નંબરનું ડમ્પર ફુલસ્પીડે ધસી આવ્યું હતું. તેના ચાલકે સાઈડમાંથી એક્ટિવાને ટક્કર મારતા રોડ પર પછડાયેલા કિન્નાબેનના ડાબા હાથ પરથી ડમ્પરનું ટાયર ફરી વળ્યું હતું. આ મહિલાનો હાથ કાપી નાખવામાં આવ્યો છે. તેઓએ ડમ્પરના ચાલક પોરબંદરના માલદે મોઢવાડીયા સામે દ્વારકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ગઈકાલે બપોર સુધી તો વરણાગી ઉપાડી હતી અને બપોરની આરતી પણ કરી હતી:

ખંભાળિયામાં મહાશિવરાત્રિની ઉજવણી દરમિયાન ચોવીસ વર્ષિય દિવ્ય જોષીનું હાર્ટએટેકથી નિધન

ખંભાળિયા તા. ૨૭: ખંભાળિયા ખામનાથ શિવ વરણાગી ઉપાડવામાં છેવટ સુધી સાથે રહેનાર બ્રાહ્મણ યુવકનું હૃદયરોગ હુમલામાં નિધન થતા ભારે શોકની લાગણી ફેલાવા પામી હતી.

ખંભાળિયા શહેરમાં યુવાનોમાં હૃદયરોગના હુમલાથી માંડીને અનેક બનાવો બનતા રહે છે, જ્યારે ગઈકાલે મહાશિવ રાત્રિના દિને જ સવારથી બપોર સુધી ભગવાન શિવની વરણાગી ઉપાડીને આનંદથી ઉત્સવમાં જોડાયેલ દિવ્ય જોષી નામના ૨૪ વર્ષના યુવાનનું શોભાયાત્રા પત્યા પછી બે કલાકમાં જ હૃદયરોગના હુમલાથી અવસાન થતા બ્રહ્મ સમાજમાં ભારે શોકની લાગણી છવાઈ હતી.

ખંભાળિયામાં લુહારશાળ પાસે ઈલેક્ટ્રીકની દુકાન ચલાવતા તથા ભાજપ યુવા મોરચા ખંભાળિયાના ઉપપ્રમુખ તથા મિલનસાર સ્વભાવના યુવાન દિવ્ય નીલેશભાઈ જોષી ઉ.વ. ૨૪ વાળો ગઈકાલે શિવરાત્રિના શિવની વરણાગીમાં પ્રારંભથી અંત સુધી જોડાયા હતાં તથા છેક ખામનાથ મહાદેવ મંદિરે પૂર્ણાહુતિની આરતી કર્યા પછી ઘેર ગયો હતો, પણ આ છેલી આરતી અને વરણાગી હોય તેમ બપોરે છાતીમાં દુઃખાવો ઉપડતા તેમને તાકીદે ખંભાળિયાની એક ખાનગી હોસ્પિટલમાં પહોંચાડયા હતાં જ્યાં તબીબે મૃત્યુ પામ્યાનું જાહેર કર્યું હતું.

અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા: થોડા વર્ષો પહેલા દિવ્યના પિતાનો પણ હૃદયરોગે ભોગ લીધો હતો

કરૂણ બાબત છે કે મૃતક દિવ્ય જોષીના દાદા હરિભાઈ જોષી નિવૃત્ત જમાદાર હતાં તથા તેમના પુત્ર અને દિવ્યના પિતા નીલેશભાઈનું પણ હૃદરોગના હુમલાથી થોડા વર્ષો પહેલા મૃત્યુ નિપજ્યું હતું અને તે પછી માતા પુત્ર દાદી સાથે રહેતા હતાં. મૃતક દિવ્યના માતા વૈશાલીબેન એસ.એન.ડી.ટી. શાળામાં નોકરી કરતા હતાં તથા પૂર્વ આચાર્યા હતાં. રાત્રે નવ વાગ્યે સદ્ગતની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતાં તથા ભાજપ દ્વારા તેમના તમામ કાર્યક્રમો રદ્દ જાહેર કર્યા હતાં.

બંને પરિવાર બે સપ્તાહ માટે બહારગામ ગયા'ને તસ્કરો ફાવ્યા:

ઢીંચડા રોડ પર સેનાનગરમાં બે બંધ પડેલા મકાનમાંથી સવા ચાર લાખની મત્તા ચોરાઈ

જામનગર તા.૨૭ : જામનગરના સેનાનગરમાં રહેતા એક મહિલા ચાર મહિના પહેલાં પોતાના પરિવાર સાથે વતનમાં ગયા પછી પંદર દિવસ બંધ પડેલા તેમના મકાનમાંથી સોનાના દાગીના તથા ચાંદીના સાંકળા મળી રૂ.૩,૯૨,૫૦૦ ની મત્તા ચોરાઈ ગઈ છે. જ્યારે ગઈ તા.૧૦ની રાત્રે ત્યાં જ રહેતો અન્ય એક પરિવાર બહારગામ ગયા પછી બે સપ્તાહ બંધ પડેલા તેમના મકાનમાંથી પણ સોનાના રૂ.૩૦,૫૦૦ના દાગીના ચોરાયા છે. પોલીસે બંને ફરિયાદ રજીસ્ટરે લઈ તસ્કરોના સગડ દબાવ્યા છે.

જામનગર નજીકના ઢીંચડા ગામ નજીક આવેલા સેનાનગર માં રહેતા મૂળ ઉત્તરપ્રદેશના ફતેપુર જિલ્લાના વતની માયાબેન રમેશભાઈ ચંદ્રા નામના મહિલા અને તેમનો પરિવાર ગયા ઓક્ટોબર મહિનાની ૨૪ તારીખે ઘર બંધ કરી વતનમાં ગયા હતા.

ત્યાંથી આ પરિવાર અંદાજે બે સપ્તાહ રોકાઈને ગઈ તા.૯ નવેમ્બરે રાત્રે પરત આવ્યો હતો ઉપરોક્ત સમય દરમિયાન તેમના બંધ મકાનમાં કોઈ તસ્કરો ઘૂસી ગયા હતા. દરવાજો તોડી અને વાળી નાખીને ઘૂસેલા તસ્કરોએ અંદરથી સોનાની ટીકો, સોનાની ચાર જોડી બુટી, કાનની નથ, બીજી એક તોલાની બુટી, સોનાના એરીંગ, કાનની સર, સોનાની ચાર લેડીઝ વીટી, બે સાદી વીટી તથા ચાંદીના ત્રણ જોડી સાંકળા મળી કુલ રૂ.૩,૯૨,૫૦૦ની મત્તા ચોરી કરી લીધી હતી.

આ મહિલાના મકાનનો દરવાજો તૂટેલો જોઈ કોઈએ મહિલાને જાણ કરતા આ પરિવાર ફતેપુર જિલ્લાના અસુથર ગામથી દોડી આવ્યો હતો. આ બાબતની ગઈકાલે સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરાઈ છે. પોલીસે અજાણ્યા તસ્કર સામે ગુન્હો નોંધ્યો છે.

આ જ રીતે ઢીંચડા રોડ પરના સેનાનગરમાં જ રહેતા મૂળ બિહાર રાજ્યના કૈમુર જિલ્લાના અવહરીયા ગામના વતની રાકેશભાઈ રામાશંકર સિંઘ નામના આસામી ગઈ તા.૧૦ની રાત્રે પોતાના પરિવાર સાથે બહારગામ ગયા પછી સોમવારની વહેલી સવારે પાંચેક વાગ્યે પરત આવ્યા હતા તે સમય દરમિયાન તેમના દરવાજાને તોડી તથા વાળી નાખી ઘૂસેલા તસ્કરે અંદરથી સોનાની વીટી, બાલી, સોનાનો દાણો મળી કુલ રૂ.૩૦૫૦૦ની મત્તા ચોરી કરી લીધી છે. તેઓએ પણ સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે કેટલાક શખ્સોની પૂછપરછ આદરી છે.

ચેમ્પિયન્સ ટ્રોફી

ભારત અને ન્યુઝીલેન્ડ સેમીફાઈનલમાં ક્વોલીફાય ગ્રુપ 'બી'માં ભારે રસાકસી

દુબઈ તા. ૨૭: આઠ દેશો વચ્ચે રમાઈ રહેલ ચેમ્પિયન્સ ટ્રોફી-૨૦૨૫ વન-ડે ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગ્રુપ 'એ'માં ભારત ન્યુઝીલેન્ડની ટીમ સેમીફાઈનલ માટે ક્વોલીફાય થઈ ચૂકી છે. યજમાન પાકિસ્તાન અને બાંગ્લાદેશ આ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે.

જ્યારે ગ્રુપ 'બી'ની ચાર ટીમોમાં ઈંગ્લેન્ડની ટીમ સેમીફાઈનલ સુધી પહોંચી શકી નથી. અફઘાનીસ્તાનની ટીમે અપસેટ સર્જી ઈંગ્લેન્ડને પરાજીત કરતા ગ્રુપ 'બી'માંથી કઈ બે ટીમ સેમીફાઈનલમાં આવશે તે અંગે ભારે રસાકસી જેવી સ્થિતિ સર્જાઈ છે.

હવે દક્ષિણ આફ્રિકાનો મેચ ઈંગ્લેન્ડ સામે અને ઓસ્ટ્રેલિયાનો મેચ અફઘાનીસ્તાન સામે છે. જેમાં દ. આફ્રિકા જો જીતી જાય તો સેમીફાઈનલમાં પ્રવેશ થશે. જ્યારે અફઘાનીસ્તાન જો બીજો મોટો અપસેટ સર્જે અને ઓસ્ટ્રેલિયાને હરાવી દે તો ઓસ્ટ્રેલિયા બહાર ફેંકાય જાય. દ. આફ્રિકાનો ઈંગ્લેન્ડ સામે પરાજય થાય અને ઓસ્ટ્રેલિયાનો અફઘાનિસ્તાન સામે પરાજય થાય તો સેમીફાઈનલમાં અફઘાનિસ્તાનનો પ્રવેશ થાય, પણ દ. આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાના ૩-૩ પોઈન્ટના કારણે નેટ રનના આધારે સેમીફાઈનલનો પ્રવેશ નક્કી કરવો પડે.

લિમિટેડ ઓવરની ક્રિકેટની રમત અનિશ્ચિત-તાઓના કારણે હંમેશાં રોમાંચક બની રહે છે, ત્યારે આ વખતની ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ ખાસ કરીને 'બી' ગ્રુપમાંથી કઈ બે ટીમ સેમીફાઈનલમાં આવશે તે અંગે જો' અને તો' ની અટકળો ચાલી રહી છે.

વિરલ વેડીંગ મોલ
શુટ, શેરવાની, સાફા, ઈન્ડો વેસ્ટર્ન, કોટી - કુર્તા, બ્લેઝર તથા ચોલી ભાડે તથા વેચાણથી મળશે.
વિરલ કાર્ડસ
પ્રસંગ તમારો...પોષાક અમારો..
બેડી ગેટ, નાગ દરવાજા રોડ, જામનગર
મો. ૯૪૨૬૩ ૪૦૦૦૮ - ૭૫૬૭૦ ૫૮૮૮૩

વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૮ ટકા નોંધાયું:

જામનગરમાં મહત્તમ તાપમાન ૩૪.૮ ડીગ્રી

જામનગર તા. ૨૭: જામનગરમાં ગુરુવારે સવારે ૮ વાગ્યે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન આંશિક વધીને મહત્તમ તાપમાન ૩૪.૮ ડીગ્રી, જ્યારે એક ડીગ્રીના ઘટાડા સાથે લઘુતમ તાપમાન ૧૯ ડીગ્રી નોંધાયું હતું. નગરમાં ધીમે-ધીમે ઉનાળો ગતિ પકડી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. મહત્તમ તાપમાન ૩૫ ડીગ્રી નજીક પહોંચી જતા ગરમીમાં વધારો થયો હતો. જામનગરમાં પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૧૫ થી ૨૦ કિ.મી.ની રહેવા પામી હતી. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૧૩% વધીને ૬૮% રહ્યું હતું.

જન્મદિવસની શુભેચ્છા
શ્રી સાગરભાઈ ફલીયા
મો. ૮૦૧૩૪ ૧૧૧૧૧
• જિલ્લા યુવા મોરચા મંત્રી, ભારતીય જનતા પાર્ટીના જામનગર
• યુવા ઉદ્યોગપતિ • આશાપુરા વે-બ્રિજવાળા
જામનગર જિલ્લાના ભાજપના કર્મઠ યુવા કાર્યકર્તા, પક્ષને નવી ઊંચાઈ સર કરવાની તમન્નાઓ સિદ્ધ કરવાના મક્કમ નિર્ધારને પરિપૂર્ણ કરનાર સચોટ નિર્ણાયક, ભારતીય જનતા પાર્ટીના જિલ્લાના યુવા મોરચાના મંત્રી, યુવા ઉદ્યોગપતિ તથા આશાપુરા વે-બ્રિજવાળા શ્રી સાગરભાઈ ફલીયાને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

આજે રાત્રે R. R. GROUP 9:30 P.M. ટાઉનહોલ
ગ્રુપ A ની જુજ સીટો બાકી
આપની મેમ્બરશીપ આજે જ બુક કરાવો
98251 49323
93777 49323
ધમાલ કોમેડી
ફાફડા જલેબી
FAMILY ENTERTAINER
વર્ષ દરમ્યાન ૮ નાટક પ્રતિ ટીકીટ ₹ 1000/- થી ૧૦૦
વર્ષ દરમ્યાન ૫ સંગીત પ્રતિ ટીકીટ ₹ 1000/- થી ૧૦૦
વર્ષ દરમ્યાન ૮ નાટક + ૫ સંગીત પ્રતિ ટીકીટ ₹ 2000/- થી ૧૦૦

સબરસ આયોજીત, ચેતન ગાંધી પ્રસ્તુત મુંબઈનું સુપરહિટ નાટક જામનગરમાં
'કાકા કો કુછ કુછ હોતા હૈ' 'કરસનકાકા જોરદાર' અને 'કાકા લાવે કેશ, બધા કરે એશ'ની ભવ્ય સફળતા બાદ...
ઈમ્તિયાઝ પટેલ
પ્રથમ ભટ્ટ - જિતેષ સોઢા
આસિફ પટેલ
આશિષ ભટ્ટ
હાસ્યની ચાલતી ફરતી દુકાન
કિલ્લો પર રાજ કરે પુષ્પા રંગમંચ પર રાજ કરે કાકા
કાકા 24 કેરેટના
ગુરુ બારોટ, મહેન્દ્ર ભટ્ટ
હેમ જોષી, દક્ષા ગુરુડા
રમેશ પરમાર અને પ્રથમ ભટ્ટ
ગુજ ટીકીટ બારી
તા. ૨૮-૦૨-૨૦૨૫ - રાત્રે ૯.૩૦ કલાકે - ટાઉન હોલ
સબરસ ગ્રુપ દ્વારા આગામી વિશિષ્ટરંગી જાજરમાન આયોજની સંકલ્પ નાટકો અને ગણુ બધુ...! ઉત્તમ ક્વોલીટી - એ મેડ એન્ટરટેઈન્મેન્ટ...! સીઝનના ૧૭ (૨૧) શો...!! મેમ્બરશીપ, ટીકીટ બુકીંગ, ગ્રુપ બુકીંગ આવકાર્ય...
મેમ્બરશીપ માટે : 97129 96770
તા. ૨૮-૦૨-૨૦૨૫ શુક્રવારના રોજ ટીકીટ ટાઉન હોલ ખાતે સવારે ૧૧.૦૦ થી ૬.૩૦ તથા બપોરે ૪.૦૦ વાગ્યાથી મળશે.

દુઃખદ અવસાન / બેસણું

સ્વ.શ્રી ભોજુભા લધુભા જાડેજા

સ્વ.તા.૨૬-૦૨-૨૦૨૫, બુધવાર

ગામ : ચાંપા બેરાજા, હાલ જામનગર નિવાસી

સ્વ.શ્રી ભોજુભા લધુભા જાડેજા (ઉ.વ.૭૭)

તા.૨૬-૦૨-૨૦૨૫ને બુધવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.

: સદ્ગતનું બેસણું :

તા. ૦૧-૦૩-૨૦૨૫ ને શનિવારના રોજ સાંજે ૬:૦૦ થી ૬:૩૦ કલાકે નર્મદેશ્વર મહાદેવ મંદિર, પંચવટી સોસાયટી, જામનગર ખાતે રાખેલ છે.

♦ તમામ લૌકિક ક્રિયા બંધ રાખેલ છે ♦

લી.

શ્રી સરદારસિંહ લધુભા જાડેજા (મોટાભાઈશ્રી) શ્રી અશોકસિંહ લધુભા જાડેજા (નાનાભાઈશ્રી)

શ્રી સુખદેવસિંહ ભોજુભા જાડેજા (સુપુત્ર) શ્રી પિયુષસિંહ ભોજુભા જાડેજા (સુપુત્ર)

ગીતા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ - જામનગર

કોઈ ભેજાબાજે વીડિયો સાથે ગીત પણ મોર્ફ કર્યું:

લોકગાયિકા જેવી જ અન્ય યુવતીના વાંધાજનક વીડિયો વાયરલ અંગે ગુન્હો

જામનગર તા.૨૭ : ખંભાળિયાના બજાણા ગામમાં રહેતા એક લોકગાયિકાના નામે કોઈએ સોશિયલ મીડિયા પર ફેક આઈડી બનાવ્યા પછી તે મહિલાનો એક વાંધાજનક વીડિયો અને તેની સાથે આ ગાયિકાનું ગીત મોર્ફ કરી સોશિયલ મીડિયા પર વાયરલ કરવા મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. સાયબર ક્રાઈમ પોલીસે ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ખંભાળિયા તાલુકાના બજાણા ગામમાં રહેતા અને ગુજરાતી લોકગાયિકીમાં નામના પ્રાપ્ત કરનાર યુવતીએ દેવભૂમિ દ્વારકાના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે.

ફરિયાદમાં જણાવવામાં આવ્યા મુજબ ગયા મહિને તેઓ જ્યારે પોતાના ઘરે હતા ત્યારે સોશિયલ મીડિયા પર તેઓને પોતાના નામની એક ફેક આઈડી જોવા મળી હતી. તેમાં જોવામાં આવતા તેમના જેવા જ ચહેરાવાળી એક અન્ય યુવતીનો કોઈ પુરૂષ સાથે શારીરિક સંબંધ બાંધતી વખતેનો વીડિયો જોવા મળ્યો હતો અને તે વીડિયો સાથે આ ગાયીકાના ગાવામાં આવેલા ગીતને મોર્ફ કરી મૂકી દેવામાં આવ્યું હોવાનું જણાયું હતું.

ઉપરોક્ત વીડિયો નીહાળી ગાયીકા હતપ્રભ બન્યા હતા. તેઓએ આ બાબતની પોતાના પરિવારને જાણ કર્યા પછી ગઈકાલે સાયબર ક્રાઈમ પોલીસનો સંપર્ક કર્યો હતો. તેણીની ફરિયાદ પરથી પોલીસે ફરિયાદી જેવી જ દેખાતી અન્ય મહિલાનો શારીરિક સંબંધ સમયનો રેકોર્ડ કરેલો વીડિયો અને તેની સાથે મોર્ફ કરેલા ગીત સોશિયલ મીડિયા પર વાયરલ કરનાર શખ્સો સામે ગુન્હો નોંધી તપાસ આદરી છે.

દુઃખદ અવસાન ઉઠમણું

ડો.હરગોવિંદભાઈ ગોરધનદાસ તન્ના

સ્વ.તા.૨૭-૦૨-૨૦૨૫ ગુરૂવાર

ડો.હરગોવિંદભાઈ ગોરધનદાસ તન્ના, તે ડો.ચંદ્રિકા તન્ના ના પતિ, ડો.પ્રશાંત તન્ના, આશા નથવાણી, હેમા માલેક ના પિતા, ધ્વનિકા તન્ના, ભવભૂતિ નથવાણી, હરેશ માલેકના સસરા, વિનુભાઈ, દિનેશભાઈ, સુરેશભાઈ, મધુસૂદન તન્ના, પ્રજ્ઞાબેન બદિયાણી, હીરાબેન કાલાણી ના ભાઈ, શ્રી રવિશંકર વાંકાણી ના જમાઈ, દિનેશભાઈ, વિરેન્દ્રભાઈ, હિતેષભાઈ, આસિતભાઈ વાંકાણી ના સાળા તા.૨૭-૦૨-૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

સદ્ગતનું ઉઠમણું : તા.૨૮-૦૨-૨૦૨૫ને શુક્રવારે સાંજે ૪:૦૦ થી ૪:૩૦ કલાકે પાબારી હોલ, તળાવની પાળ, જામનગર ખાતે રાખેલ છે.

સ્વસુર પક્ષની સાદડી પણ સાથે જ રાખેલ છે.

લી.

તન્ના પરિવારના જયશ્રી કૃષ્ણ

શેરબજાર

બપોરે ૨-૦૦ વાગ્યે

NSE BSE

ઈન્ડેક્ષ	૨૨૫૩૭	૭૪૬૪૨
રિલાયન્સ	૧૨૦૮	૧૨૦૯
એસબીઆઈ	૭૦૫	૭૦૬
ટીસ્કો	૧૩૫	૧૩૬
ઓએનજીસી	૨૨૮	૨૨૯
એસીસી	૧૮૧૮	૧૮૧૯
ટેલ્કો	૬૫૧	૬૫૨
ઈન્ફોસીસ	૧૭૬૦	૧૭૬૧
ઝી ટીવી	૯૬	૯૭
ટીસીએસ	૩૬૧૧	૩૬૧૨
એલ એન્ડ ટી	૩૧૯૪	૩૧૯૫
મારૂતી	૧૨૩૫૯	૧૨૩૬૦
એક્સીસ બેંક	૧૦૨૦	૧૦૨૧
બેંક નિફટી	૪૯૧૭૧	૪૮૮૫૫

સૌજન્ય: ઉપેશ વોરા - મારૂતિ ઈન્વેસ્ટમેન્ટ

Editor, Printer & Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing & Publishing by him at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar-361001 ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752